તંત્રીશ્રીની કલમે

ભારત-ચીન બોર્ડર પર તૈનાત કરાયું પિનાકા રોકેટ લોન્ચર

ભારત અને ચીન વચ્ચે સૈન્ય વાતચીતના ૨૧ રાઉન્ડ થયા છે. આ બેઠકમાં અનેક મુદ્દાઓ પર ચર્ચા થઈ હોવા છતાં કોઈ ઉકેલ આવ્યો ન હતો. બંને દેશોમાં સૈન્ય અથડામણ ચાલુ છે. બંને દેશો ઘણા મુદ્દાઓ પર સહમત હતા. તમને જણાવી દઈએ કે સૈન્ય મંત્રણામાં ન્છઝ (લાઇન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ) પર શાંતિ જાળવવા પર પણ સહમતિ બની હતી. પરંતુ ચીન પોતાની હરકતોથી બાજ નથી આવી રહ્યું. ચીન વાસ્તવિક નિયંત્રણ રેખાની બાજુમાં સતત બાંધકામ કરી રહ્યું છે. જેના કારણે ભારત પણ પોતાના તરફથી કોઈ કમી રાખવા માંગતું નથી. ભારતીય સેના સતત ન્છઝની આસપાસ પોતાની સ્થિતિ મજબૂત કરવામાં વ્યસ્ત છે. જેના માટે ભારતીય સેના પિનાકા લોન્ચ રોકેટ સિસ્ટમની બે રેજિમેન્ટ તૈનાત કરવા જઈ રહી છે.

સરકારે ભારતીય સેના માટે પિનાકા રોકેટની છ રેજિમેન્ટને પણ મંજૂરી આપી છે. રોકેટ લોન્ચર્સ લગાવતાની સાથે, ભારત વાસ્તવિક નિયંત્રણ રેખા પર વધુ મજબૂત બનશે. આ માટે આગળની કાર્યવાહી પણ શરૂ કરી દેવામાં આવી છે. પિનાકા એ ભારતની સ્વદેશી રોકેટ સિસ્ટમ છે. આનાથી ચીન સાથેની સરહદ પર ભારતીય આર્ટિલરીની ફાયરપાવરમાં વધુ વધારો થશે. સંરક્ષણ સૂત્રોનું માનીએ તો ભારતીય સૈનિકોને પિનાકાની બે નવી રેજિમેન્ટ માટે તાલીમ આપવામાં આવી રહી છે. આગામી ૬ મહિનામાં બંને રેજિમેન્ટને બોર્ડર પાસે તૈનાત કરવામાં આવશે. પિનાકા રોકેટ સિસ્ટમથી ભારતીય સેના સરહદ પર વધુ મજબૂત બનશે.

પિનાકા રોકેટ સિસ્ટમની રેજિમેન્ટમાં ત્રણ બેટરી હોય છે. પિનાકા પાસે એક બેટરીમાં ૬ લોન્ચર છે. દરેક લોન્ચરમાં ૧૨ રોકેટ હોય છે. તેમની રેન્જ લગભગ ૪૦ કિલોમીટર છે. લોન્ચરના તમામ ૧૨ રોકેટ માત્ર ૪૪ સેકન્ડમાં ફાયર કરી શકાય છે. આપની જાણકારી માટે જણાવી દઈએ કે આવનારા સમયમાં સ્વદેશી રીતે વિકસિત પિનાકા લાંબા અંતરની રોકેટ આર્ટિલરીમાં ભારતીય સેનાનું મુખ્ય હથિયાર હશે. તેનો ઉપયોગ મોટા વિસ્તાર પર ભારે બોમ્બ ધડાકા માટે થાય છે. પિનાકા તેના લક્ષ્ય પર ચોક્કસ હુમલો કરે છે, જેના કારણે પિનાકાનો હુમલો વધુ ખતરનાક બની જાય છે. દુશ્મનના એરબેઝ, આર્મી પોસ્ટ, ટેક્સ, સૈન્ય ટુકડીઓ અને ઘણા મહત્વપૂર્ણ લક્ષ્યોને નષ્ટ કરી શકાય છે.

ઈલેક્ટોરલ બોન્ડ મોટો ચૂંટણી મુદ્દો બનશે

નવીદિલ્હી : સુપ્રીમ કોર્ટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાને ઈલેક્ટોરલ બોન્ડની માહિતી તાત્કાલિક આપવા કરેલા ફરમાનના કારણે રાજકીય ઉત્તેજનાનો માહોલ છે. સ્ટેટ બેંક આ માહિતી આપે પછી તરત જ ચૂંટણી પંચે ક્યા રાજકીય પક્ષને કોના તરફથી દાન મળ્યું તેની વિગતો વેબસાઈટ પર મૂકવાની છે. આ નામોમાં ઘણા વિવાદાસ્પદ નામ પણ હોઈ શકે છે તેથી લોકસભાની ચૂંટણીમાં રાજકીય રીતે આ મુદ્દો બહુ મોટો બની જશે એવું મનાય છે. સુપ્રીમ કોર્ટની ૫ જજોની બંધારણીય બેન્ચે સ્ટેટ બેંકને મંગળવાર સાંજ સુધીમાં તમામ માહિતી આપવા કહ્યું છે. ચૂંટણીપંચ તમામ માહિતી ભેગી કરીને ૧૫ માર્ચે સાંજે ૫ વાગ્યા સુધીમાં તેની વેબસાઈટ પર આ માહિતી મૂકશે તેથી મંગળવારથી જ રાજકીય જંગ જામશે.

સુપ્રીમ કોર્ટે સ્ટેટ બેંકના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટરને એફિડેવિટ કરવાનો આદેશ આપીને ચીમકી આપી છે કે જો આદેશનું સમયસર પાલન કરવામાં નહીં આવે તો તેમની સામે કાયદાકીય પગલાં લેવામાં આવશે. કર્ણાટકમાં કોંગ્રેસ ભાજપની ફોર્મ્યુલા અપનાવીને સાત-આઠ મંત્રીઓને લોકસભાની ચૂંટણી લડાવશે. કર્ણાટકના ગૃહ મંત્રી અને વરિષ્ઠ નેતા જી. પરમેશ્વરે તેનો સંકેત આપતાં કહ્યું છે કે, કોંગ્રેસમાં આ મુદ્દે ચર્ચા ચાલી રહી છે અને હાઈકમાન્ડ બહુ જલદી ક્યા મંત્રીઓને ચૂંટણી લડાવવી તેનો નિર્ણય લેશે.

કોંગ્રેસનાં સૂત્રોનું કહેવું છે કે, હાઈકમાન્ડે આ નિર્ણય તો લીધો પણ મોટા ભાગના મંત્રીઓ ચૂંટણી લડવા ઈચ્છુક નથી. તેના બદલે પોતાના પરિવારજનોને ટિકિટ આપવા કહી રહ્યા છે. મંત્રીઓની માનસિકતા અત્યારે પોતાની પાસે છે એ ખોવાના બદલે વધારે મેળવવાની છે. સામાજિક કલ્યાણ મંત્રી એચ.સી. મહાદેવપ્પાએ તો ચૂંટણી લડવાનો સાફ ઈન્કાર કરીને પોતાના પુત્રને ટિકિટ આપવા સત્તાવાર રજૂઆત પણ કરી છે. અન્ય મંત્રી કે.એ. મુનિયપ્પાએ પણ પોતાના દીકરા માટે ટિકિટ માગી છે. મુનિયપ્પાની દીકરી રૂપકલા શશિધર ધારાસભ્ય છે પણ મુનિયપ્પા તેને પણ લડાવવા માગતા નથી. હરિયાણામાં અચાનક જ મુખ્યમંત્રી બદલીને ભાજપે સૌને આંચકો આપી દીધો. મનોહરલાલ ખટ્ટરની બીજી ટર્મ પૂરી થવા આડે છ મહિના જ બચ્યા હોવા છતાં તેમને દૂર કરવા પાછળનું કારણ જાટ મતદારોની નારાજગી મનાય છે. હરિયાણામાં ખેડૂત આંદોલન નવેસરથી ઉગ્ર બન્યું અને ખટ્ટર કંઈ ના કરી શક્યા તેના કારણે હાઈકમાન્ડ નારાજ હતું જ અને ખટ્ટરને દૂર કરવા કારણ શોધતું હતું.

બિરેન્દ્રસિંહના પુત્ર બ્રિજેન્દ્રસિંહે હિસાર લોકસભાના સભ્યપદેથી રાજીનામું આપ્યું તેના પગલે હાઈકમાન્ડને કારણ મળી ગયું. ખટ્ટરના સ્થાને નાયબસિંહ સૈનીને મુખ્યમંત્રીપદે બેસાડીને ભાજપે ઓબીસી મતદારોને પોતાની તરફ વાળવાની કોશિશ કરી છે કે જેથી જાટ મતબેંક દૂર થતાં થયેલું નુકસાન સરભર કરી શકાય.

આ કોશિશ કેટલી સફળ થશે એ અંગે ભાજપના નેતા જ અવઢવમાં છે. તેમનું માનવું છે કે, ખટ્ટરે પોતાની સત્તા સાચવવા માટે જેજેપી સામે ઘૂંટણ ટેકવી દીધા તેના કારણે ભાજપને ભારે નુકસાન થયું છે. તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડી દલિત નેતાઓના અપમાનના નવા વિવાદમાં ફસાયા છે. રેડ્ડી અને તેમના સાથી મંત્રીઓએ પોતાના જ પક્ષ કોંગ્રેસના દલિત નેતાઓ સાથે ભેદભાવ કર્યો હોવાનો આક્ષેપ મૂકીને સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ કરાયો છે. આ વાયરલ વીડિયોમાં રેડ્ડી મંદિરમાં સ્ટૂલ પર બેઠા છે જ્યારે દલિત નેતા અને નાયબ મુખ્યમંત્રી મલ્લુ ભટ્ટી વિક્રમાર્ક અને વન-પર્યાવરણ મંત્રી કોંડા સુરેખા નીચે બેઠાં છે. રેવંત રેડ્ડીની સાથે કોમાતિરેડ્ડી વેંકટ રેડ્ડી અને ઉત્તમ કુમાર રેડ્ડી પણ ઉપર બેઠા છે. હોદ્દાની રીતે વિક્રમાર્કને માન આપવાની જરૂર હતી પણ તેના બદલે તેમને નીચે બેસાડાયા હતા. મલ્લુ ભટ્ટી વિક્રમાર્ક તેલંગાણાના પ્રથમ દલિત નાયબ મુખ્યમંત્રી છે આ પહેલાં વિક્રમાર્ક તેલંગાણા વિધાનસભામાં વિપક્ષના નેતા હતા. નાલગોંડા જિલ્લાના યાદદ્રી મંદિરનો આ વીડિયો હોવાનું મનાય છે. ભારત રાષ્ટ્ર સમિતિએ કર્ણાટકની કોંગ્રેસ સરકાર દલિત નેતાઓનું અપમાન કરીને પોતાની માનસિકતા છતી કરી રહી હોવાનો આક્ષેપ મૂક્યો છે. કેન્દ્ર સરકારે અંતે સિટિઝનશીપ એમેન્ડમેન્ટ એક્ટ (ઝછછ) અંગેનું નોટિફિકેશન બહાર પાડી દીધું છે. કેન્દ્રીય ગૃહમંત્રાલયના નોટિફિકેશનમાં કશું નવું નથી પણ આ મુદ્દે પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીનું વલણ નવું છે. અત્યાર સુધી સીએએનો ઉગ્રતાથી વિરોધ કરી રહેલાં મમતાએ સીએએનો વિરોધ કરવાનો કોઈ સંકેત આપ્યો નથી.

પાકિસ્તાનમાંથી આવે છે રોજિંદા ઉપયોગમાં લેવાતી ઘણી વસ્તુઓ

ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધમાં ભલે ગમે તેટલી ખટાશના કેમ ન હોય, પાકિસ્તાનથી આપણા દેશમાં ઘણી વસ્તુઓ આવે છે. આપણે રોજિંદા જીવનમાં આ વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ. જોકે આપણને જાણ નથી હોતી કે, તે પાકિસ્તાનમાંથી આવી રહી છે. તો ચાલો અમે તમને આવી જ અમુક વસ્તુઓ વિશે જણાવીએ. જણાવી દઈએ કે પાકિસ્તાનથી ઘણી એવી વસ્તુઓ ભારતમાં આવે છે જે આપણા સામાન્ય જીવનમાં ઘણી ખાસ બની ગઈ છે. આ લિસ્ટમાં પહેલું નામ કેરીનું છે. જી હાં, ભારતમાં સ્વાદથી ખાવામાં આવતી દશેરી અને સિંધોરી કેરી પાકિસ્તાનમાંથી મંગાવવામાં આવે છે. આ ઉપરાંત તમે જે ખજૂર અને જામફળ ખૂબ જ સ્વાદથી ખાઓ છો તે પણ પાકિસ્તાનમાંથી જ મંગાવવામાં આવે છે. આ સિવાય આપણે આપણા ચહેરાની સુંદરતા વધારવા માટે જે મુલતાની માટીનો ઉપયોગ કરીએ છીએ તે પણ પાકિસ્તાનથી આવે છે. તમને જાણીને નવાઈ લાગશે કે ઉપવાસ દરમિયાન આપણે જે સિંધવ મીઠાંનો ઉપયોગ કરીએ છીએ તે પણ પાકિસ્તાનમાંથી આવે છે. હકીકતમાં, સમગ્ર એશિયામાં સિંધવ મીઠું ફક્ત પાકિસ્તાનમાં જ મળે છે. સાથે જ સ્વાસ્થ્ય અને બુદ્ધિના વિકાસ માટે જે બદામ ખાવામાં આવે છે તે પણ પાકિસ્તાનથી જ આવે છે. અખરોટ અને કેટલાક ડ્રાયફ્રુટ્સ પણ પાકિસ્તાનમાંથી નિકાસ કરવામાં આવે છે. કેટલાક તેલના બીજ અને ફળો પણ પાકિસ્તાનથી પણ આવે છે. ભારતમાં જે ઊનમાંથી સુંદર સ્વેટર બનાવવામાં આવે છે તે પણ પાકિસ્તાનથી જ આવે છે. આ રીતે, એવી ઘણી વસ્તુઓ છે જેનો આપણે રોજિંદા જીવનમાં ઉપયોગ કરીએ છીએ પરંતુ તે ક્યાંથી આવે છે તે આપણે જાણતા નથી.

ભક્ત જે સરળતાથી પરમાત્માને પામે છે તેટલી સરળતાથી પ્રભુને કોઈ નથી પામી શકતુઃ પૂજ્ય ભૂપેન્દ્ર પંડ્યા

અમદાવાદ, શાસ્ત્રો બે પ્રકારના હોય છે, અસ્તુ પ્રદાન શાસ્ત્ર અને અસ્તિ પ્રદાન શાસ્ત્ર. કેટલાંક શાસ્ત્રો એવા હોય છે કે જ્યાં આપણાં અભિપ્રાયોનું મૂલ્ય હોય છે, જ્યારે કેટલાંક શાસ્ત્રો એવા હોય છે જેની પર આપણો અભિપ્રાય આપવો નરી મૂર્ખતા છે. આપણે ઈતિહાસમાં બનેલી કે જીવનમાં એક દિવસ પહેલાં બનેલી ઘટનાને નથી બદલી શકતા તો પાંચ હજાર વર્ષ પહેલાં બનેલા ઈતિહાસને કેવી રીતે બદલી શકીએ. આ તદ્દન વ્યર્થ પ્રયાસ છે. આ જ વાત આજના વિષયના આરંભમાં શ્રી શિવપુરાણ અંતર્ગતશત રુદ્ર સંહિતાના આઠમાં અધ્યાયમાં જે ભૈરવાવતારનું વર્ણન છે તેમાં દર્શાવાઈ છે તેમ સત્કર્મ પરિવારના તત્વાવધાનમાં કેડિલા ફાર્માસ્યુટિકલ્સ દ્વારા ભારતીય ફાર્માસ્યુટિકલ્સ ઉદ્યોગના ભિષ્મપિતામહ સ્વ. શ્રી ઈન્દ્રવદનભાઈ મોદી તથા તેમના ધર્મપત્ની સ્વ. શીલાબહેન મોદીની પૂણ્યસ્મૃતિમાં નિરંતર સત્સંગની સરીતા વહેતી રાખવાના તેમના સુપુત્ર ડો. રાજીવ મોદીના સંકલ્પ અંતર્ગત શિવમહાપુરાણ પર આધારિત શિવતત્વ દર્શનના ત્રીજા ભાગ અંતર્ગત આયોજીત પ્રવચનમાળાના પૂર્ણાહુતિના દિવસે પૂજ્ય શ્રી ભૂપેન્દ્રભાઈ જણાવ્યું હતું.

ભગવાન શંકરની માયા એવી છે કે લોકો તેને સમજી નથી શકતા. ભૈરવજી ભગવાનનું પૂર્ણ રૂપ છે. ચતુર્ભૂજ વિષ્ણુ અને ચતુર્વક્ત્ર બ્રહ્માજી પણ તેમને નથી સમજી શકતા તો સામાન્ય માનવીની શું વિસાત. જો પરમેશ્વર સ્વયં પોતાનું જ્ઞાન કરાવી દે તો જ મનુષ્ય પરમ તત્વને જાણી શકે છે, મનુષ્ય પોતાની ઈચ્છાથી પરમાત્માને નથી જાણી શકતો, તે અસંભવ છે. ઈશ્વર જેની પર કૃપા કરે તે જ તેને જાણી શકે છે. કઠોપનિષદમાં જણાવ્યાં અનુસાર, વધુ પડતાં પ્રવચનો આપવાથી કે પોતાને બુદ્ધિમાન માનતી વ્યક્તિને આત્મતત્વ પ્રાપ્ત નથી થતું. વાસ્તવમાં તો બુદ્ધિ પરમ તત્વને પામવામાં અવરોધો સર્જે છે. પરમાત્મા જ તેમને કોને દર્શન આપવા છે તે નિશ્ચિત કરે છે. (૧૯-૧)

સુધારો

ICICI Bank બ્રાન્ચ ઓફિસઃ આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ.,ઓફિસ નંબર ૨૦૧-બી, બીજે માળ,રોડનં ૧ પ્લોટ નં- બી ૩ વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટીયલ એસ્ટેટ,થાણે, મહારાષ્ટ્ર-૪૦૦૬૦૪

આ કેપ્શનવાળી સરફેસી ૧૩(૨) નોટીસ **તારીખ ૦૩ જૂન, ૨૦૨૧** (જે હવે થી ઉક્ત નોટીસ સંદર્ભિત કરાશે) કરજદાર નામ **તેજેન્દ્ર વઘાસીયાએ હોમ લોન એકાઉન્ટ નં QZBRD00005009826** આઈસીઆઈસીઆઈ બેંક લી. સાથેની જાહેરાત સંદર્ભમાં, અમારી અજાણતામાં ભુલના કારણે મિલ્કત અને માપ એરિયામાં **ફ્લેટ નં. સી/૫૦૫, ક્રિષ્ણા હાઈટ્સ, નેહરૂ નગર, ઓફ એનએચ-૮, સ્વપના વિલા પાસે , કામરેજ, સુરત, ગુજરાત, સુરત- ૩૯૪૧૮૦ (માપ એરિયા સેલ ડીડ મુજબ)**ના બદલે **ફ્લેટ નં. સી/૫૦૫, પાંચમો માળ, બ્લોક નં. : ૩૪૮, બિલ્ડિંગ નં. સી, ક્રિષ્ણા હાઈટ્સ, નેહરૂ નગર, ઓફ એનએચ-૮, સ્વપના વિલા પાસે, કામરેજ, સુરત, ગુજરાત, સુરત- ૩૯૪૧૮૦, માપ એરિયા ૫૮.૨૫ સ્કેવર મી. બિલ્ટ-અપ એરિયા છે,** તો તમોને વિનંતિ છે કે આને **ફ્લેટ નં. સી/૫૦૫, પાંચમો માળ, બ્લોક નં. : ૩૪૮, બિલ્ડિંગ નં. સી, ક્રિષ્ણા હાઈટ્સ, નેહરૂ નગર, ઓફ એનએચ-૮, સ્વપના વિલા પાસે, કામરેજ, સુરત, ગુજરાત, સુરત- ૩૯૪૧૮૦, માપ એરિયા ૫૮.૨૫ સ્કેવર મી. બિલ્ટ-અપ એરિયા વાંચવુ.**

ઉપરોક્ત સરફેસી ૧૩ (૨) નોટિસના બીજા સંદર્ભ યથાવત રહેશે.

આ સંદર્ભે તમને થયેલી અસુવિધા બદલ અમે નિષ્ઠાપૂર્વક દિલગીર છીએ.

તારીખ : ૧૯ માર્ચ, ૨૦૨૪. **અધિકૃત અધિકારી**
સ્થળ : સુરત. **આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ**

સુધારો

ICICI Bank બ્રાન્ચ ઓફિસઃ આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ.,ઓફિસ નંબર ૨૦૧-બી, બીજે માળ,રોડનં ૧ પ્લોટ નં- બી ૩ વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટીયલ એસ્ટેટ,થાણે, મહારાષ્ટ્ર-૪૦૦૬૦૪

આ કેપ્શનવાળી સરફેસી ૧૩(૨) નોટીસ **તારીખ ૦૬જુલાઈ, ૨૦૨૧** (જે હવે થી ઉક્ત નોટીસ સંદર્ભિત કરાશે)કરજદાર નામ **શૈલેષ મનુભાઈ બોરાડ** એ આઈસીઆઈસીઆઈ બેંક લી.સાથેની જાહેરાત સંદર્ભમાં,તમારો ઉપરોક્ત દર્શાવેલ **હોમ લોન એકાઉન્ટ નં LBSUR00004912391**. અમારી અજાણતામાં ભુલના કારણે **માપ એરિયા સેલ ડીડ મુજબ દર્શાવેલ, તેના બદલે માપ એરિયા ૫૦.૧૭ સ્કેવર મી. દર્શાવવો.** તો તમોને વિનંતિ છે કે આને **માપ એરિયા ૫૦.૧૭ સ્કેવર મી. વાંચવુ.**

ઉપરોક્ત સરફેસી ૧૩ (૨) નોટિસના બીજા સંદર્ભ યથાવત રહેશે.

આ સંદર્ભે તમને થયેલી અસુવિધા બદલ અમે નિષ્ઠાપૂર્વક દિલગીર છીએ.

તારીખઃ૧૯ માર્ચ,૨૦૨૪ **અધિકૃત અધિકારી**
સ્થળ : સુરત **આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ**

સુધારો

ICICI Bank બ્રાન્ચ ઓફિસઃ આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ.,ઓફિસ નંબર ૨૦૧-બી, બીજે માળ,રોડનં ૧ પ્લોટ નં- બી ૩ વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટીયલ એસ્ટેટ,થાણે, મહારાષ્ટ્ર-૪૦૦૬૦૪

આ કેપ્શનવાળી સરફેસી ૧૩(૨) નોટીસ **તારીખ ૦૬જુલાઈ, ૨૦૨૧** (જે હવે થી ઉક્ત નોટીસ સંદર્ભિત કરાશે)કરજદાર નામ **રૌનક સિંધ** એ આઈસીઆઈસીઆઈ બેંક લી.સાથેની જાહેરાત સંદર્ભમાં,તમારો દર્શાવેલ **હોમ લોન એકાઉન્ટ નં LBVPI00004974757**માં અમારી અજાણતામાં ભુલના કારણે **માપ એરિયા ૫૪.૪૮ સ્કેવર મી. જેમકે ૫૮૬.૪૨ સ્કેવર મી. લખાયું હતુ, તેના બદલે માપ એરિયા ૫૪.૪૮ સ્કેવર મી. જેમકે ૫૮૬.૪૨ સ્કેવર ફિટ. ગણવો.** તો તમોને વિનંતિ છે કે આને **માપ એરિયા ૫૪.૪૮ સ્કેવર મી. જેમકે ૫૮૬.૪૨ સ્કેવર ફિટ.વાંચવુ.**

ઉપરોક્ત સરફેસી ૧૩ (૨) નોટિસના બીજા સંદર્ભ યથાવત રહેશે.

આ સંદર્ભે તમને થયેલી અસુવિધા બદલ અમે નિષ્ઠાપૂર્વક દિલગીર છીએ.

તારીખઃ૧૯ માર્ચ,૨૦૨૪ **અધિકૃત અધિકારી**
સ્થળ : વાપી **આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ**

સાંકેતિક કબ્જા નોટીસ

ICICI Bank બ્રાન્ચ ઓફિસઃ આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ.,ઓફિસનં ૨૦૧-બી, બીજે માળ, રોડનં ૧,પ્લોટ નં- બી ૩ વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટીયલએસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર-૪૦૦૬૦૪

આથી

સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્સ્મેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંકના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે.આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહી દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.

કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો સાંકેતિક કબ્જો લઈ લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	કરજદારોનું નામ / લોન એકાઉન્ટ નંબર	મિલ્કતની વિગત / સાંકેતિક કબ્જાની તારીખ	ડિમાંડ નોટીસની તારીખ /ડિમાંડ નોટીસની રકમ (રૂ)	શાખાનું નામ
૧.	પંકજ ડી કાનાણી અને શિતલબેન પી કાનાણી- LBRAJ00002119461	સબ પ્લોટ નં. ૧૨+૧૩/૩, પ્લોટ નં. ૧૨+૧૩, દ્વારકેશ પાર્ક મેઈન રોડ, અમી પાર્ક કોર્નર , અલાપ ગ્રીન સિટી પાછળ, રૈયા રોડ, આર એસ નં. ૧૫૭/૧ પૈકી, રૈયા , રાજકોટ- ૩૬૦૦૦૧/ ૧૪ માર્ચ, ૨૦૨૪.	૨૨ ઓગસ્ત, ૨૦૨૩ રૂ. ૨૬,૩૦,૪૫૬.૦૦/-	રાજકોટ.

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે. નહીં તો કલમ ૮ અને ૯ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ની જોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કત આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : ૧૯ માર્ચ, ૨૦૨૪ **ઓથોરાઈઝડ ઓફિસર**
સ્થળ : રાજકોટ. **આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ**

SHRIRAM HOUSING FINANCE

શ્રીરામ હાઉસિંગ ફાયાનાન્સ લીમીટેડ

હેડ ઓફિસ : લેવલ-૩, વોકહાર્ડટ ટાવર્સ,ઈસ્ટ વિંગ સી-૨ બ્લોક, બાંદ્રા કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા ઈસ્ટ, મુંબઈ-૪૦૦૦૫૧. ટે.ફો.નં.૦૨૨-૪૨૪૧ ૦૪૦૦, ૦૨૨-૪૦૬૦ ૩૧૦૦ વેબસાઈટ : http://www.shriramhousing.in

રજી.ઓફિસ : ઓફિસ નં.૧૨૩, અંગપ્પા નૈકન સ્ટ્રીટ, ચેન્નઈ ૬૦૦૦૦૧. શાખા ઓફિસ : ૯૦૧-૯૦૪, નવમો માળ, ટાઇટેનિયમ સ્કવેર, અડાજન ગામ સર્કલ પાસે, ઈન્કમટેક્ષ ઓફિસ સામે, અડાજન, સુરત -૩૯૫૦૦૯

એપેન્ડિક્ષ-૪-એ કાયદો ૮(૬)ની જોગવાઈ જુઓ સ્થાયી મિલ્કતોના વેચાણ માટે વેચાણ નોટીસ

સિક્યુરાઈટાઈઝેશન રિકન્સ્ટ્રક્શન ફાઇનાન્સ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)કાયદાઓ,૨૦૦૨ ના કાયદા નં.૮(૬)ની જોગવાઈ સાથે વાંચતા, સ્થાયી મિલ્કતોના વેચાણ માટે ઈ-નિલામી નોટિસ

આ નોટીસ દ્વારા જાહેર જનતાને જણાવવામાં આવે છે કે નીચે જણાવેલા દેવાદારો કે જામીનદારો દ્વારા ધ શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ પાસે ગીરવે મુકેલી સ્થાયી મિલ્કતોની ઈ-નિલામી કરવામાં આવી રહી છે. આ ઈ-નિલામી માટે જે આધાર છે, જેવો આધાર છે, જે કંઈ આધાર છે તે વિગતો નીચે મુજબ છે. ધ શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડની દેવાદારો કે જામીનદારો પાસે નીકળતી બાકી લેણાં રકમ વસુલ કરવા માટે કબ્જો મેળવેલ સ્થાયી મિલ્કતોની ઈ-નિલામી કરવામાં આવશે. મિલ્કતો પરનો બોજો, બાનાની થાપણ કિમત, કુલ લેણાં રકમ તથા સ્થાયી મિલ્કતોને લગતી વિગતો તથા તારીખ અને સમય નીચે ટેબલમાં જણાવવામાં આવેલ છે.

દેવાદાર(રો)/સહ દેવાદાર(રો) જામીનદાર(રો)ગીરો મુકનારનું નામ	૧૩(૨)ની ડિમાન્ડ નોટીસ તારીખ અને રકમ	મિલકતનું વિવરણ	અનામત કિંમત(રૂ.) અને બીડ વધારો	બાનાની થાપણ કિંમત (ઈએમડી) વિગતો	નિલામીની તારીખ અને સમય	વ્યક્તિનો સંપર્ક અને નિરિક્ષણ તારીખ
૧. જયસ્વાલ અશોક અચ્છૈબર ૨. જ્યોતિ અશોક જયસ્વાલ આપણ સરનામું : ૨૮૯, જયઅંબે સોસાયટી, તૃપ્તિ નગર પાસે, બમરોલી, તાલુકો ચોરયાસી, સુરત-૩૯૫૦૨૩ આપણ : ૧. જયસ્વાલ અશોક અચ્છૈબર ૨. જ્યોતિ અશોક જયસ્વાલ આપણ મિલકતનું સરનામું : પ્લોટ નં.૨૯૭, રાહિ ટાઉનશીપ વિભાગ-૧, જ્ઞાનદીપ સ્કૂલ પાસે, મોજે-કારેલી, તાલુકો પલસાના, જીલ્લો સુરત **કબ્જા તારીખ અને કબ્જાનો પ્રકાર** ૨૮-૦૨-૨૦૨૪ ભૌતિક કબ્જો **જાણીતો બોજો** જાણ નથી	૧૦/૧૦/૨૦૨૩ ના રોજ રૂ. ૧૩,૬૦,૧૨૪/- (રૂપિયા તેર લાખ સાહીઠ હજાર એકસોને ચોવીસ પુરા) લોન ખાતા નંબર હેઠળ SHLHSRAT 0001318 ૧૩(૨) નોટિસ તારીખ ૧૧/૧૦/૨૦૨૩ **તારીખે એફસી રકમ** તા.૧૩-૦૩-૨૦૨૪ ના રોજ બિડાણ મુજબ રૂ. ૧૩,૬૩,૧૫૦/- (તેર લાખ ત્રેસઠ હજાર એકસોને પચાસ રૂપિયા પુરા)	મિલ્કત બેરિંગ પ્લોટ નં.૨૯૭ના તમામ ભાગો અને પાર્સલો, માપણી ૪૯.૨૨ સ્કે.મી.(કે.જે.પી.મુજબ બ્લોક નં.૩૬૯/૨૯૭), રોડ અને સીઓપીમાંના ૨૫.૯૯ સ્કે.મી.જેટલા બિનવહેંચાયેલા ભાગ સાથે, રાહિ ટાઉનશીપ વિભાગ-૧ની અંદર, જમીન બેરિંગ રેવન્યુ સર્વે નં. ૩૫૨,૩૫૩,૩૫૪ ઉપર આવેલ અને બાંધકામ કરેલ, બ્લોકનં.૩૬૯, ગામ-કારેલી, તા.પલસાના, જી.સુરત મિલ્કત સીમાબદ્ધ : પૂર્વમાં : સોસાયટી રોડ પશ્ચિમમાં : બ્લોક ઉત્તરમાં : પ્લોટ નં.૨૯૮ દક્ષિણમાં : પ્લોટ નં.૨૯૬ સાઈટ મુજબ મિલ્કત સીમાબદ્ધ : પૂર્વમાં : એડીજે મિલ્કત ઉત્તરમાં : પ્લોટ નં.૪૩/ડી પશ્ચિમમાં : એન્ટ્રી અને રોડ, દક્ષિણમાં : પ્રસ્તાવીત રોડ	રૂ.૧૦,૧૯,૧૦૦/- (દસ લાખ ઓગણીસ હજાર એકસો રૂપિયા પુરા) બીડ વધારો રૂ.૧૦,૦૦૦/- અને આવા ગુણાંકમાં **બાનાની થાપણ કિંમત (ઈએમડી) (રૂ.)** રૂ.૧,૦૧,૯૧૦/- (એક લાખ એક હજાર નવસોને દસ રૂપિયા પુરા) **બાનાની થાપણ કિંમત જમા કરાવવાની આખરી તારીખ** ૨૬મી એપ્રિલ, ૨૦૨૪ સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦	બાનાની થાપણ કિંમત આરટીજીએસ કે એનઈએફટી દ્વારા જમા કરાવવા માટેની વિગતો નીચે મુજબ છે.: **બેંક નામ :** એક્સિસ બેંક લિમિટેડ **શાખા** : બાંદ્રા કુર્લા કોમ્પલેક્ષ, મુંબઈ ચાલુ ખાતાનો બેંક **ખાતા નં.** ૯૧૧૦૨૦૦૪૫૬૭૭૬૩૩ આઈએફએસસી કોડ UTIB0000230	૨૭મી એપ્રિલ, ૨૦૨૪ અને સમય સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦	શ્રી અમર પાટિલ ૯૭૩૦૦૫૭૭૪૪ શ્રી અશફાક પટકા : ૯૮૧૯૪૧૫૪૭૭ શ્રી હિતેશ જોશી ૯૮૭૯૯૪૦૭૧૩ શ્રી ધર્મેન્દ્ર ચૌહાણ ૭૬૦૦૭૬૨૭૭૭ શ્રી મનોજ શુકલા ૯૦૦૪૬૪૬૫૮૦ ગ્રાહક સેવા નંબર : ૦૨૨-૪૦૦૮૧૫૭૨ મિલ્કત નિરિક્ષણ તારીખ - ૦૧ એપ્રિલ, ૨૦૨૪ સમય - સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦
૧. દીપક નારાયણ લલિત ઓઝા સરનામું : ફ્લેટ નં.૪૦૨, ચોથો માળ, શ્રી સાંઇ મોહન રેસિડેન્સી, ક્રિષ્ના પાર્ક સોસાયટીની અંદર, (પ્લોટ નં.૨૮૮,૨૮૯), લોગોસ મિશન હાઈ સ્કૂલ પાસે, મોજે-ઈચ્છાપોર, તા.ચોરયાસી, સુરત-૩૯૪૫૧૦ ૨. શિખા દીપક ઓઝા સરનામું : ફ્લેટ નં.૪૦૨, ચોથો માળ, શ્રી સાંઇ મોહન રેસિડેન્સી, ક્રિષ્ના પાર્ક સોસાયટીની અંદર, (પ્લોટ નં.૨૮૮,૨૮૯), લોગોસ મિશન હાઈ સ્કૂલ પાસે, મોજે-ઈચ્છાપોર, તા.ચોરયાસી, સુરત-૩૯૪૫૧૦ **કબ્જા તારીખ અને કબ્જાનો પ્રકાર** ૨૯-૦૨-૨૦૨૪ ભૌતિક કબ્જો **જાણીતો બોજો** જાણ નથી	૧૦/૧૦/૨૦૨૩ ના રોજ રૂ.૯,૮૫,૮૧૪/- (રૂપિયા નવ લાખ પંચયાસી હજાર આઠસોને ચૌદ પુરા) લોન ખાતા નંબર હેઠળ SBTHSRAT 0001450 & ૧૦/૧૦/૨૦૨૩ ના રોજ રૂ.૧,૮૫,૪૨૩/- (રૂપિયા એક લાખ પંચયાસી હજાર ચારસોને ત્રેવીસ પુરા) લોન ખાતા નંબર હેઠળ STUHSRAT 0001737 ૧૩(૨) નોટિસ તારીખ ૧૧/૧૦/૨૦૨૩ **તારીખે એફસી રકમ** તા.૧૫-૦૩-૨૦૨૪ ના રોજ બિડાણ મુજબ રૂ. ૧૧,૯૩,૮૮૬/- (અગિયાર લાખ ત્રાણું હજાર આઠસોને છ્યાંસી રૂપિયા પુરા)	સ્થાયી મિલ્કત બેરિંગ ફ્લેટ નં.૪૦૨ના તમામ ભાગો અને પાર્સલો, પહેલા માળ ઉપર, માપણી ૩૧.૨૫ સ્કે.મી. કાર્પેટ એરિયા અને ૩૭.૫૦ સ્કે.મી. બિલ્ટ અપ એરિયા, ૬.૬૦ સ્કે.મી. જેટલા બિન વહેંચાયેલા ભાગ સાથે, ક્રિષ્ના પાર્કની શ્રી સાંઇ મોહન રેસિડેન્સીની અંદર, બ્લોક નં.૯૪૮/૨૮૮ અને ૯૪૮/૨૮૯ ઉપર સ્થિત પૈકી પ્લોટ નં.૨૮૮ અને ૨૮૯, મોજે-ઈચ્છાપોર, સિટી સુરત. મિલ્કત સીમાબદ્ધ : પૂર્વમાં : રોડ પશ્ચિમમાં : ફ્લેટ નં.૪૦૩ની મિલ્કત ઉત્તરમાં : ફ્લેટ નં.૪૦૧ની મિલ્કત દક્ષિણમાં : રોડ	રૂ.૯,૨૬,૯૦૦/- (નવ લાખ છવ્વીસ હજાર નવસો રૂપિયા પુરા) બીડ વધારો રૂ.૧૦,૦૦૦/- અને આવા ગુણાંકમાં **બાનાની થાપણ કિંમત (ઈએમડી) (રૂ.)** રૂ.૯૨,૬૯૦/- (બાણું હજાર છસ્સોને નેવું રૂપિયા પુરા) **બાનાની થાપણ કિંમત જમા કરાવવાની આખરી તારીખ** ૨૬મી એપ્રિલ, ૨૦૨૪ સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦	બાનાની થાપણ કિંમત આરટીજીએસ કે એનઈએફટી દ્વારા જમા કરાવવા માટેની વિગતો નીચે મુજબ છે.: **બેંક નામ :** એક્સિસ બેંક લિમિટેડ **શાખા** : બાંદ્રા કુર્લા કોમ્પલેક્ષ, મુંબઈ ચાલુ ખાતાનો બેંક **ખાતા નં.** ૯૧૧૦૨૦૦૪૫૬૭૭૬૩૩ આઈએફએસસી કોડ UTIB0000230	૨૭મી એપ્રિલ, ૨૦૨૪ અને સમય સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦	શ્રી અમર પાટિલ ૯૭૩૦૦૫૭૭૪૪ શ્રી અશફાક પટકા : ૯૮૧૯૪૧૫૪૭૭ શ્રી હિતેશ જોશી ૯૮૭૯૯૪૦૭૧૩ શ્રી ધર્મેન્દ્ર ચૌહાણ ૭૬૦૦૭૬૨૭૭૭ શ્રી મનોજ શુકલા ૯૦૦૪૬૪૬૫૮૦ ગ્રાહક સેવા નંબર : ૦૨૨-૪૦૦૮૧૫૭૨ મિલ્કત નિરિક્ષણ તારીખ - ૦૧ એપ્રિલ, ૨૦૨૪ સમય - સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦
૧. કામિની જિગ્નેશ પ્રભુદાસ ૨. વસાવા અનસોયાબેન ડુંગરસિંહ વર્તમાન સરનામું : ફ્લેટ નં.બી/૪૦૨, સુર્યા પેલેસ કો-ઓપ.હા.સો. લિ.,જી.આઈ.ડી.સી., અંકલેશ્વર, ૫૦૦ ક્વાર્ટર પાસે, અંકલેશ્વર - ૩૯૩૦૦૨ આપણ મિલકતનું સરનામું : ફ્લેટ નં.પી/૦૨, પાંચમો માળ, ગેલેક્ષી કો-ઓપ.હા.સો.લિ., ગૈલ કોલોની અને સરદાર પટેલ વાડી પાસે, જી.આઈ.-ડી.સી., અંકલેશ્વર, મોજે-ભડકોદરા, તા.અંકલેશ્વર, ભરૂચ -૩૯૩૦૦૨ આપણ વ્યવસાયનું સરનામું : કેરઓફ બજરંગ ટાયર રિટ્રેડર્સ, રાધે ક્રિષ્ના હોટલની પાછળ, નેશનલ હાઇવે નં.૮, સરન પેટ્રોલ પંપ પાસે, સહયોગ હોટલ સામે, અંકલેશ્વર-૩૯૩૦૦૧ **કબ્જા તારીખ અને કબ્જાનો પ્રકાર** ૦૯-૦૨-૨૦૨૪ ભૌતિક કબ્જો **જાણીતો બોજો** જાણ નથી	૦૮/૦૮/૨૦૨૩ ના રોજ રૂ. ૧૦,૩૪,૩૩૯/- (રૂપિયા દસ લાખ ચોત્રીસ હજાર ત્રણસોને ઓગણચાલિસ પુરા) લોન ખાતા નંબર હેઠળ SHLHBRUH 0000122 ૧૩(૨) નોટિસ તારીખ ૦૯/૦૮/૨૦૨૩ **તારીખે એફસી રકમ** તા. ૧૩-૦૩-૨૦૨૪ ના રોજ બિડાણ મુજબ રૂ.૧૧,૯૩,૮૮૬/- (રૂ.૧૧,૩૨,૦૦૧ (અગિયાર લાખ બત્રીસ હજારને એક રૂપિયા પુરા)	ભરૂચ, મોજે-ભડકોદરા ખાતે આવેલ બિન ખેતીલાયક જમીન પ્લોટ, જમીન બેરિંગ આર.એસ.નં.૨૯૧ પૈકી પ્લોટ નં.૧૮૦૪ અને ૧૮૦૫, ગેલેક્ષી કો-ઓપરેટિવ હા.સો.લિ. તરીકે જાણીતી પૈકી પાંચમો માળ, ફ્લેટ નં.પી/૨, બાંધકામ માપણી ૪૮.૦૦ સ્કે.મી., ૧૬.૦૦ સ્કે.મી. બિન વહેંચાયેલા ભાગ સાથે, સબજીલ્લો અને નોંધણી જીલ્લો અંકલેશ્વર, જીલ્લો ભરૂચ, ગુજરાત રાજયની હદમાં, મિલકતની સીમારેખાઓ : પૂર્વમાં : માર્જિન ખુલી જગા અને ગંગા કો-ઓપ.હા.સો.લિ. પશ્ચિમમાં : ઓપન ટેરેસ ઉત્તરમાં : ઓપન ટેરેસ દક્ષિણમાં : ઓપન ટેરેસ	રૂ.૧૭,૦૨,૮૦૦/- (સત્તર લાખ બે હજાર આઠસો રૂપિયા પુરા) બીડ વધારો રૂ.૧૦,૦૦૦/- અને આવા ગુણાંકમાં **બાનાની થાપણ કિંમત (ઈએમડી) (રૂ.)** રૂ.૧,૭૦,૨૮૦/- (એક લાખ, સીત્તેર હજાર બસ્સોને ઍંસી રૂપિયા પુરા) **બાનાની થાપણ કિંમત જમા કરાવવાની આખરી તારીખ** ૨૬મી એપ્રિલ, ૨૦૨૪ સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦	બાનાની થાપણ કિંમત આરટીજીએસ કે એનઈએફટી દ્વારા જમા કરાવવા માટેની વિગતો નીચે મુજબ છે.: **બેંક નામ :** એક્સિસ બેંક લિમિટેડ **શાખા** : બાંદ્રા કુર્લા કોમ્પલેક્ષ, મુંબઈ ચાલુ ખાતાનો બેંક **ખાતા નં.** ૯૧૧૦૨૦૦૪૫૬૭૭૬૩૩ આઈએફએસસી કોડ UTIB0000230	૨૭મી એપ્રિલ, ૨૦૨૪ અને સમય સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦	શ્રી અમર પાટિલ ૯૭૩૦૦૫૭૭૪૪ શ્રી અશફાક પટકા : ૯૮૧૯૪૧૫૪૭૭ શ્રી હિતેશ જોશી ૯૮૭૯૯૪૦૭૧૩ શ્રી ધર્મેન્દ્ર ચૌહાણ ૭૬૦૦૭૬૨૭૭૭ શ્રી મનોજ શુકલા ૯૦૦૪૬૪૬૫૮૦ ગ્રાહક સેવા નંબર : ૦૨૨-૪૦૦૮૧૫૭૨ મિલ્કત નિરિક્ષણ તારીખ - ૦૧ એપ્રિલ, ૨૦૨૪ સમય - સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦

વેચાણને લગતી વધુ વિગતો માહિતી મેળવવા માટે શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડની સત્તવાર વેબસાઈટ **http://shriramhousing.in/e-auction-residential** ની મુલાકાત લેશો. જે શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ દ્વારા પ્રદાન કરવામાં આવી છે.

સુધારેલ એસએઆરએફએઈએસઆઈ કાયદો, ૨૦૦૨ ના કાયદા ૮(૬) હેઠળ અનુગામી વેચાણ માટે વૈધાનિક ૩૦ દિવસની નોટીસ. નિલામી પહેલાં કુલ બાકી લેણાં રકમ અને તેના વ્યાજ સાથેની રકમ ચુકતે કરવા માટે ગીરો મુકનાર કે દેવાદારોને આખરી તક આપવામાં આવે છે. જો નિષ્ફળ જશો તો ગીરો મુકેલ સ્થાયી મિલ્કતો ઉપર મુજબ અનુસૂચિ પ્રમાણે વેચાણ કરવામાં આવશે.

ગીરો મુકનાર/ દેવાદારોને વિનંતી કરવામાં આવે છે કે સ્થાયી મિલ્કતની અંદરની અસ્થાયી મિલ્કતોને હટાવી લેશો.

ખાસ નોંધ : દરેક દેવાદારો /જામીનદારો /ગીરો મુકાનારાઓને સ્પીડ પોસ્ટ કે રજીસ્ટર પોસ્ટ દ્વારા સુરક્ષિત લેણદારો વેચાણ નોટીસ જારી કરવા જઈ રહ્યાં છે. જો કોઈ કારણોસર ઉપરોક્ત કોઈ પાર્ટીને નોટીસ ના મળે તો આ જાહેર વેચાણ નોટીસને અવેજીની સેવા તરીકે ધ્યાનમાં લેશો.

સ્થળ : સુરત-અંકલેશ્વર-ભરૂચ **સહીં અધિકૃત અધિકારી**
તારીખ : ૧૯-૦૩-૨૦૨૪ **શ્રીરામ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ**